

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'રઝળપાટ'ની જિંદગી, પૂરાઈને થાકી ગઈ !*
*માણસને છોડી, પીડા અર્થતંત્રને તાકી ગઈ !*
*એ આંકી ગઈ તાકાત ફૂંકાતા લપોડશંખોની -*
*ઉપચાર કર્યા અનેક પણ મુદત પાકી ગઈ !*

### હાઈકુ

*વાર્યા ન વરે,*
*હોય જક્કી સ્વભાવે -*
*ઈ હાર્યા વરે...*

*રૂપાળા નહીં -*
*લ્યો ! શોધી કાઢો કોઈ*
*'પુરુષોત્તમ'*

### ચિંતન

**યસ્યાં પૂર્વે પૂર્વજના વિચક્રિરે યસ્યાં દે અસુરાનભ્યવર્તયન્ ।**
**ગવામશ્વાનાં વયસશ્ચ વિષ્ઠા ભગં વર્ચઃ પૃથિવી નો દધાતુ ॥**

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

જે રાષ્ટ્રનું આપણા પૂર્વજોએ નિર્માણ કર્યું છે અને દુષ્ટોથી રક્ષા કરી છે તેના નિર્માણ માટે આપણે ત્યાગ કરવા અને બલિદાન આપવા તૈયાર રહીએ.

ફક્ત સીમાઓમાં બંધાયેલા ભૂમિના ટૂકડાને રાષ્ટ્ર કહેવાતું નથી. એ તો તેમાં નિવાસ કરનારા નાગરિકોના શારીરિક, બૌદ્ધિક તથા આધ્યાત્મિક સ્તર અને ચારિત્ર્ય, આચરણ, વ્યવહાર વગેરેની સમગ્રતાનું નામ છે.

આપણા મનમાં રાષ્ટ્ર રક્ષા માટે ત્યાગ અને બલિદાનની ભાવના રહેવી જોઈએ. માનવી ત્યાગ અને બલિદાનની શ્રેષ્ઠ ભાવનાના બળે પોતાના સ્વાર્થભાવ ઉપર વિજય મેળવીન રાષ્ટ્રકક્ષાનું યશસ્વી કામ પુરું કરી શકે છે આપણે જો રાષ્ટ્રહિતને સરેવોપરી સમજીને પોતાના હિતોને પ્રસન્નતાથી છોડવા તત્પર થઈશું તો જ રાષ્ટ્રઋણમાંથી મુક્ત થઈ શકાશે.

### સુવિચાર

- વિના અગ્નિએ બાળનાર ત્રણ - ક્રોધ, કપૂત અને કલેશ - **ધર્મલોક**
- પાપભીતિ અને પ્રભુપ્રીતિ મોક્ષ સુધી પહોંચાડે છે - **આપ્તસૂત્ર**
- નિયમથી ચાલે એને નિયતિ પણ નમે - **એસ. ભટ્ટાચાર્ય**
- ધર્મનું પ્રત્યક્ષ ફળ-સુખમાં લીન થવા ન દે, દુઃખમાં દીન થવા ન દે - **મોરારિ બાપુ**
- તમે પરિવર્તનથી ડરો છો, જેથી જગતમાં પરિવર્તન અટકવાનું નથી - **સ્પેન્શર જહોન્સન**
- જો તમે તમારા ખુદ સાથે ન હોવ તો તમે એકલા છો - **ફિલ મેકગ્રો**
- આજનું ઔષધ : રોજ રાત્રે સોપારી જેટલી મેથી પાણીમાં પલાળી રાખવી. સવારે તેને હાથેથી મસળીને ગાળી લઈને તે પાણી પીવાથી ડાયાબિટીસમાં ફેર પડે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગુરુકુળમાં સંસ્કૃત ભણાવતી શિક્ષિકા એના બંને સંતાનોને ઉત્તમ શિક્ષણ અને સંસ્કાર આપવાનો પ્રયત્ન કરતી હતી. પતિનું અકાળે અવસાન થયું હોવાથી તે આર્થિક ભીંસમાં રહેતી પણ કોઈની સામે હાથ લાંબો ન કરતી. ગુરુકુળના સંચાલકને તેણીની દાય આવી. તેઓ તેમને મળવા ઘરે ગયા અને કહ્યું, 'આપ સ્વાભિમાની છો એનો મને પૂરેપૂરો ખ્યાલ છે. આપને બે બાળકોને ઉછેરવામાં તકલીફ પણ પડતી હશે એમના શિક્ષણ માટે મારી મદદનો સ્વીકાર કરશો.' શિક્ષિકાએ કહ્યું, 'આપને કોણ કહ્યું કે હું એટલી ગરીબ છું કે મારા સંતાનોને શિક્ષણ પણ આપી શકું તેમ નથી? ખરેખર તો મારી પાસે જેટલી સંપત્તિ છે, એટલી તો કોઈની પાસે નહીં હોય !' એટલું કહી તેણે પોતાના બંને પુત્રોને બોલાવ્યા. બંને પુત્રો એ માતાને વંદન કર્યા અને આગંતુક વડીલના ચરણ સ્પર્શ કર્યા અને નમ્રભાવે પૂછ્યું, 'આપે અમને શું કારણથી બોલાવ્યા?' સંચાલક તો બંને બાળકોના વિનય અને સંસ્કારિતા જોઈને સ્તબ્ધ થઈ ગયા ત્યારે શિશિકાએ કહ્યું, 'જુઓ, આ બંને પુત્રો છે મારી સંપત્તિ' સંચાલકે કહ્યું, 'આપ સાચુ કહો છો જેમના સંતાનો સંસ્કારી અને ગુણવાન છે તેઓ કયારેય ગરીબ નથી હોતા.' શિક્ષિકાએ સંચાલકને કહ્યું, 'મહાશય, આપને જે રકમ મારા સંતાનોના શિક્ષણ માટે આપવા આવ્યા હતા. તે હવે અનાથ બાળકોના શિક્ષક માટે વાપરજો.' સંચાલકે શિક્ષિકાને મનોમન વંદન કરી વિદાય લીધી.

# ભૂપેન્દ્રસિંહની સરકારમાં અનિવાર્યતા છે

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત સરકાર માટે કોરોનાકાળમાં જ વધુ એક શિરોવેદના સરજાઈ છે. ગુજરાત સરકારના મંત્રીમંડળના સૌથી સિનિયર મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની ચૂંટણી સામે એમના કોંગ્રેસી પ્રતિસ્પર્ધી દ્વારા હાઈકોર્ટમાં રીટ પીટીશન કરાયેલી જેમાં ચૂંટણીમાં ભાજપના વગદાર ઉમેદવાર દ્વારા ગેરરીતીઓ કરાવાઈ હોવાના આક્ષેપો કરાયા હતા. મુખ્ય મુદ્દો ટપાલ દ્વારા આવેલા મતો રદ કરાયા તેની સંખ્યા વિજેતા ઉમેદવાર પાતળી બહુમતીથી જીત્યા એ કરતાં વધુ હોવાનો હતો. બેલેટ દ્વારા આવેલ મતપત્રોની ઈલેકટ્રોનિક મશીનથી અપાયેલ મતો પહેલાં ગણતરી કરવી જોઈએ એને બદલે પાછળથી કરાઈ તેમાં ભાજપના ઉમેદવારની તરફેણમાં ચૂંટણી અધિકારીએ પક્ષપાતભર્યું વલણ અપનાવ્યું હોવાના આક્ષેપ સહિતના ઘણા બધા વાંધા હાઈકોર્ટે માન્ય રાખતા ધોળકા વિધાનસભાની ચૂંટણી રદ કરાઈ હતી. વરિષ્ઠ કેબિનેટ મંત્રી માટે આ ચુકાદો પ્રતિષ્ઠાનો મુદ્દો બની ગયો હતો. રાજયના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી ઉપરાંત પાર્ટીના રાજય અને કેન્દ્રીય એકમો માટે પણ નામોશી જેવી પરિસ્થિતિ સરજાઈ હતી. એક તરફ કેન્દ્ર અને રાજયની ભાજપ સરકાર કોરોના સંકટ સામે નિર્ણાયક લડત આપી રહી હતી ત્યારે જ, ગ્રહણ ટાણે સાપ નીકળ્યા જેવું થયું હતું. આવી વિકટ સ્થિતિમાં સ્વાભાવિક રીતે જ સત્તાધારી પાર્ટી પાસે વરિષ્ઠ મંત્રીને સર્વોચ્ચ અદાલતમાંથી તત્કાળ સ્ટે મેળવી લેવાની ભલામણ કર્યા સિવાય બીજો વિકલ્પ નહોતો. હાઈકોર્ટે ચૂંટણી રદ કરતાંની સાથે ભૂપેન્દ્રસિંહજી ધારાસભ્ય ન જ રહે; એમણે નૈતિકતાના ધોરણે મંત્રીપદેથી રાજીનામું જ આપવું પડે. એમના સદ્નસીબે સુપ્રીમ કોર્ટે તાત્કાલિક સ્ટે આપી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને તેમજ પાર્ટીને નામોશીમાંથી ઉગારી લીધાં છે. હવે સુપ્રીમ કોર્ટમાં નિરાંતે પોતાની દાદ રજૂ કરવાની એમને તક મળશે. અણી ચૂક્યો સો વરસ જીવે એ કહેવત મુજબ વરિષ્ઠ મંત્રીને હાલ પૂરતં જીવનદાન મળી ગયું છે. કોંગ્રેસના પરાજિત ઉમેદવારની દાદ પણ સુપ્રીમ કોર્ટ જરૂર સાંભળશે અને જયારે જે કંઈ ચુકાદો આપશે ત્યારે બેઉ પક્ષોએ માન્ય રાખવો પડશે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સુપ્રીમ કોર્ટના સિનિયર ધારાશાસ્ત્રી કપિલ સિબ્બલે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને સ્ટે ન મળે એ માટે ઘણી દલીલો કર્યા છતાં ચુડાસમાને સ્ટે ઓર્ડર મળ્યો છે, એથી એમને 'સત્યને પરેશાન કરી શકાય છે, પરાજિત નહીં' એવું લાગ્યું છે. ચુકાદો પ્રતિકૂળ આવશે તો આ જ શબ્દો કોંગ્રેસી નેતાઓ ઉચ્ચારશે. એટલું ચોક્કસ કે ભાજપના વર્તમાન મંત્રીમંડળમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમા એક એવું સાલસ વ્યક્તિતવ છે જેને પાર્ટીલાઈનની બહાર પણ સદ્ભાવની નજરે જોવામાં આવે છે. એમની સંસ્કારિતા, જન્મજાત ખાનદાની અને સિનિયોરિટીને કારણે તેઓ ભાજપ વિરોધી વર્તળોમાં પણ સજ્જન રાજનેતા તરીકેનાં માનપાન ધરાવે છે. મૂળે શંકરસિંહ વાઘેલાની નજીક ગણાયા આ ક્ષત્રિય નેતાએ, એમના પ્રિય નેતાએ પાર્ટી સામે બળવો કર્યો છતાં પાર્ટીને વળગી રહેવામાં જ શ્રેય માન્યું હતું. એમને કેશુભાઈ પટેલ અને સુરેશભાઈ મહેતા ઉપરાંત નરેન્દ્ર મોદી, આનંદીબેન પટેલ અને વિજય રુપાણીના નેતૃત્વ હેઠળ સિનિયર કેબિનેટ મંત્રી તરીકે વિવિધ વિભાગો સફળતાપૂર્વક સંભાળી એમની રાજકીય કાર્યદક્ષતાનો પરિચય આપેલો છે. અત્યારે તેઓ શિક્ષણ અને કાયદામંત્રી છે, અગાઉ કૃષિમંત્રી પણ રહી ચૂક્યા છે. વિધાનસભાની ચૂંટણી હારી ગયેલા ત્યારે પણ એમણે જીઆઈડીસીના ચેરમેન તરીકે સેવાઓ આપી હતી. વારંવાર એમને પાર્ટીના પ્રદેશ અધ્યક્ષની જવાબદારી સોંપવાની ચર્ચા ચાલતી રહી છે, પરંતુ પાર્ટીને એમના જેવા સિનિયર અને અનુભવી તથા ગ્રામીણ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતા ક્ષત્રિય નેતાને સરકારમાં સમાવવાની ફરજ પડી છે. સિનિયોરિટીની રૂએ તેઓ મુખ્યમંત્રી પદનો દાવો પણ કરી શકે એમ હતા, પરંતુ પાર્ટીના શિસ્તબદ્ધ સેનાની તરીકે એમને અંગત મહત્ત્વાકાંક્ષાને હાવી થવા દીધી નથી, તે એમની વિશેષતા છે. એમની ચૂંટણીને સુપ્રીમ કોર્ટે માન્ય ઠેરવશે તો ભાગ્યે જ જૂજ કોંગ્રેસી નેતાઓ સિવાય ગુજરાતના શુભચિંતકોને એથી ઠેશ પહોંચશે.

# હવે સંસારમાં આશ્રમ ઊભો થઈ શકે એવું છે!



**આરપાર**
**રાઘવજી માધડ**

એક આશ્રમમાં સાધુ-મહારાજની લંગોટ ઉંદર કાપી ગયો.તે જોઈ કોઈ ભક્તે સલાહ આપી :'મા'રાજ બિલાડી પાળો,ઉંદર નહીં આવે.'સાધુએ બિલાડી પાળી.પછી બિલાડીના દૂધ માટે ગાય પાળી.પણ ખરો પ્રશ્ન હવે થયો,સાધુને ફાવે નહીં તે ગાય દોહવા જાય કોણ !? વળી કોઈ અંધભક્તે નમ્રભાવે જણાવ્યું :'ગાય દોહવા મા'રાજ બાઈ જોઈએ..!' પછીતો બાઈ પણ આવી અને આશ્રમમાં એક નવો 'સંસાર' ઊભો થયો !

આપણે ત્યાં ધાર્મિક આશ્રમનું ભારે મહત્વ છે. આશ્રમનો એક અર્થ છે:સાધુનો નિવાસ.જ્યાં સાધુતાની સોડમ પ્રસરતી હોય.તદ્દન સાદગીમાં રહી, ન્યુનતમ જરૂરિયાતથી જીવાતું તપોવન હોય. આપણે ત્યાં સારા, સાત્વિક, સેવાભાવી અનેક આશ્રમો છે. અને એવા વૈભવી આશ્રમોની પણ બોલબાલા છે.

પણ આ સમયમાં,સંસારમાં આશ્રમ ઊભો કરવાની ભરપૂર શક્યતાઓ સમાયેલી છે.હા, કેશ કર્તન કલાકારના અભાવે વધી રહેલા કેશ બાવા-સાધુ થવામાં સહાયતા કરે એવું છે. પણ અહીં જુદો સંદર્ભ છે.જેમ વ્યક્તિનો પ્રેમ જરાય ઓછો હોતો નથી પણ આપણી અપેક્ષાઓ વધી ગઈ હોય છે. એમ આ સાધુના જેમ ધારી-અણધારી અપેક્ષાઓ, જરૂરિયાતો વધતી જાય ને પછી લંગોટી જ સાવ ગૌણ બની જાય !

હા,અપેક્ષાઓ પૂરી થાયતો મનભરી માણવાની નહિતર, પસ્તાયેલી પ્રેમિકા જેમ તેને ટાળવાની !

આપણે જીવનના એક નવતર, વણખેડાયેલા ખેતરમાં પગ મૂકી રહ્યા છીએ.આર્થિકતા, માનસિકતા અને સામાજિકતા બદલાઈ રહી છે. જુઓ, મરણ અને પરણના પ્રસંગોની રિત-રસમ બદલાઈ ગઈ. ટૂંકમાં, અકલ્પનીય બદલાવ આવ્યો છે. પણ આ બધાની વચ્ચે જીવલેણ જરૂરિયાતો બદલાઈ છે ખરી ? સુજ્ઞજને શાંતચિતે વિચારવું ઘટે.બાકી એનાલિસીસ કરવા બેસીએતો પેરાલિસીસ થઈ જાય એવું છે.પણ આ મહા મારીના લીધે આકરા પગલાં લેવાય...રોજિંદી જરૂરિયાતમાં કાપ,પાબંધી આવે તે સમજાય છે.છતાંય ધૈર્યને ધક્કો મારી ખરીદીની છૂટછાટના સમયે પડાપડી કરવામાં જરાય પાછા પડતા નથી...માનવ સ્વભાવ છે, આપણે રહી જવા ન જોઈએ ! થાય કે,આંખો બગડેતો ચશ્માં ખરીદી શકાય,પણ દ્રષ્ટી ખરીદી શકાતી નથી.

આ મહામારી ઝટ ન જાય તો,તેનાં સાથે જીવવાની ટેવ પાડવી પડશે.આદતો બદલી, જરૂરિયાતોને કાબૂમાં કરવી પડશે.ખબર છે,પેટનો ખાડો પૂરવા કેટલું જોઈએ ! હા,સ્વાસ્થ્ય માટે,શું ખાવું...તેની ચિંતા સેવ નારા કરતા, શરીર ટકાવવા શું ખાવું...તેની ચિંતાવાળા ગરીબોની સંખ્યા ઓછી નથી ! ગામડું છોડી, ગાંધી નગરમાં વસવાટ કર્યો.ગામડામાં અભાવની વચ્ચે આનંદની લિજ્જત અકબંધ રહી હતી.પણ અહીં જરૂરિ યાતો રાજકુંવરી માફક રાત-દિવસ વધતી જ રહી. કારણ કે સામે હઠીલી રાજરાણી જેવી ખરીદશક્તિ ઊભી રહી હતી !ભલે,ખરીદી માટે ખિસ્સું છલોછલ ભર્યું હોય પણ તેનાથી સુખ-શાંતિ ક્યારેય ખરીદી શકાતા નથી.

ઘરમાં સાથે છીએ, સુરક્ષિત છીએ.તેથી ઘર આશ્રમથી જરાય કમ નથી.મેળવીને માણીએ અથવા મનગમતું મળે તે સુખ કહેવાય.પણ જે હોય તેમાંથી જે મળે તે આનંદ. નહિતર સાધુ-મહારાજના જેમ એક પછી એક આવતું, ઉમેરાતું રહેશે ને...ઘર ભરાતું,ઉભરાતું રહેશે.પછી ક્યાંક એવું ન બને કે, સંસારની સઘળી માયા વચ્ચે પોતીકા સુખને જાણવાનું ને માણવાનું જ ભૂલી જઈએ !

છેલ્લે :

આમ જુઓતો 'મોત'ના બે અક્ષર છે અને ત્રણ અક્ષર છે 'જિંદગી' ના...વચ્ચે 'પ્રેમ'ના અઢી અક્ષરના પાસવર્ડથી જગતને જીતવાનું છે અને સૌના સાથે પ્રેમથી જીવવાનું છે !

- raghavjimadhad.blogspot.com

# ભારત અને ગુજરાતના કોરોના વૉરીયર્સ



**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

વિશ્વભરમાં છેલ્લા ચારેક મહિનાથી ''કોરોના વાયરસ'' હાહાકાર મચાવી રહ્યો છે. વિશ્વના અનેક દેશોને છિન્નભિન્ન કરીને આ કોરોના કાળદેવતા સાબિત થઈ રહ્યો છે. પરંતુ આ વાયરસ સામે અત્યાર સુધી હિંમતથી લડવામાં એક માત્ર દેશ ભારત સફળ રહ્યો છે. કેમ કે આપણા લોકલાડિલા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની દૂરદષ્ટિને કારણે કોરોનાના આરંભકાળમાં જ આખા વિશાળ દેશના અર્થતંત્રને પરવા કર્યા વિના પ્રજાતંત્રની, એમના જીવની પરવા કરીને લોકડાઉન કરીને કોરોનાને કંટ્રોલમાં રાખ્યો છે.

જો કે હું કોરોનાને કાળ નહી પણ વૈશ્વિક ક્રાંતિ કહું છું. કેમ કે જ્યારે જ્યારે ક્રાંતિ થઈ છે ત્યારે ત્યારે વૈશ્વિક શાંતિ પણ સ્થપાઈ છે. સત્ય અને ધર્મની સ્થાપના પણ થઈ છે. આ કોરોના મહાયુદ્ધ છે. દુનિયાએ પ્રથમવાર જોયું કે આ યુદ્ધ બંદૂક, બોમ્બ, ટેન્ક, જહાજ, મિસાઈલ કે પરમાણુ હથિયારથી નથી ખેલાતું. પણ એક સાવ સૂક્ષ્માતિસૂક્ષ્મ નહી દેખાતા વિષાણુ દુશ્મનની સામે ખેલાઈ રહ્યું છે. અને આ દુશ્મન એવો છે કે જેને કોઈપણ રીતે મારી પણ શકાતો નથી. માત્ર એનાથી બચી શકાય છે. એ જ એનો એક માત્ર ઈલાજ છે. જે આપણને ડોકટર્સ બતાવી શકે છે. આ કોરોના વિશ્વયુદ્ધમાં ચીન (વુહાન) અમેરિકા, ઈટલી, સ્પેન, ફ્રાન્સ, બ્રિટન કે વિશ્વના બીજા જેટલા દેશોની શી સ્થિતિ છે તે આપણે સૌ જાણીએ જ છીએ. પણ આપણા ભારતની અને ખાસ કરીને ગુજરાતની સ્થિતિ.... આ મહાયુદ્ધમાં ગુજરાતની – ગુજરાતના વૉરિયર્સની ભૂમિકા કેવી છે અને હવે કેવી રહેશે. એ સૌથી મહત્વની બાબત છે.

સમગ્ર વિશ્વની જેમ ભારત અને ગુજરાત માટે આ કોરોના મહાવિશ્વયુદ્ધ પહેલીવાર અચાનક કોઈપણ જાતની સુચના વિના સામે આવી ગયું છે. અને છતાંય વિશ્વમાં આપણે હજી સુધી કોરોનાને કન્ટ્રોલમાં રાખી શક્યા છીએ. જે વિસ્ફોટ અન્ય દેશોમાં થયો છે તેવો વિસ્ફોટ હજી ભારતમા કે ગુજરાતમાં નથી થયો. એના કારણોમાં સૌ પ્રથમ સરકારી વ્યવસ્થા અને આયોજન, ડોકટર્સ, નર્સ, અને પોલીસ વ્યવસ્થાનો મુખ્ય ફાળો છે.

આ કોરોના મહાયુદ્ધ એવું છે કે જેને શસ્ત્રો નહી પણ શાસ્ત્રોની સમજણથી, સુયોગ્ય શાસનની સહાયથી જીતી શકાય છે. જેના મુખ્ય યોદ્ધાઓ સરહદ પર દેશની રક્ષા કરતા સૈનિક જવાનો નહી પણ સરકારી હોસ્પિટલોમાં ફરજ બજાવતા ડૉકટર્સ, નર્સિસ તથ તેમનો સંપૂર્ણ સ્ટાફ છે, આખા પોલીસખાતાના, હોમગાર્ડ્સના અધિકારીઓ, જવાનો છે, દેશની અને ગુજરાતની લેબોરેટરીઓમાં કોરોનાની દવાનું સંશોધન કરતા તમામ વૈજ્ઞાનિકો છે. તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરો, અધિકારીઓ, સ્ટાફ અને સફાઈ કર્મચારીઓ આ મહામારી મહાયુદ્ધના સાચા યોદ્ધાઓ છે.

દુનિયાના બીજા દેશોમાં તો સરકારી હોસ્પિટલોની, તેમના ડૉકટર્સની સરખામણીમાં આપણી સરકારી હોસ્પિટલોની અને સરકારી ડૉકટર્સની સારવાર સાવ ગરીબ અને સાવ મધ્યમવર્ગના લોકો સિવાય કોઈ પસંદ કરતું નથી. આરોગ્ય અને પોલીસખાતાની છવિ આપણે ત્યાં ગૌરવ લેવા જેવી નહોતી, લોકોમાં નકારાત્મકતા ખૂબ હતી. પરંતુ આ કોરોના મહાયુદ્ધે સાબિત કરી આપ્યું કે વિશ્વ આખામાં આપણી સરકારી હોસ્પિટલો, સરકારી ડૉકટર્સ, નર્સિસ, સમગ્ર પોલીસ ડિપાર્ટમેન્ટની કામગીરી સૌથી ઉત્તમ છે.

સરહદ ઉપરના જાંબાઝ જવાનોના હાથમાં દુશ્મનો સામે લડવા અત્યાધુનિક સાધનો છે. સામે દુશ્મનો દેખાય પણ છે, ક્યા, કેવી રીતે, ક્યારે હુમલો કરવો એની યોજના હોય છે. એટલે જ સરહદ પરનું ગમે તેવું ભયાનક યુદ્ધ જીતવું સહેલું છે. પણ આ મહામારીના મહાયુદ્ધમાં દુશ્મન જ અદશ્ય છે. એને કોઈ રીતે મારી શકાય એવું કોઈ હથિયાર કે સાધન કે દવા કે રસી .. કશું જ નથી. અને હજી શોધાયું પણ નથી. અને આવા મહાભયાનક યુદ્ધમાં જે જે લોકો ફસાયા છે. જેમને કોરોનાએ ઝપટમાં લીધા છે. એને યોગ્ય રીતે સારવાર આપીને હજારો લાખોના જીવ ડૉકટર્સ – નર્સિસે બચાવી રહ્યા છે. અને પોલીસ જવાનો સૌને ઘરમાં રાખીને આપણને કોરોનાની જાળમાં ફસાતા અટકાવી રહ્યા છે.

આજે ડૉકટર્સ – નર્સિસ દિવસ રાત જોયા વિના પોતાની જાનના જોખમે લોકોની સારવાર કરી રહ્યા છે. આપણને થશે કે એમાં શું થયું ? એ તો એમની ફરજ બજાવે છે. પરંતુ તેઓ ધારે તો કોઈપણ બહાને આ ફરજમાંથી છટકી અથવા મૂક્ત થઈ શકે છે પરંતુ એવું કર્યા વિના સતત રાત દિવસ લોકોની સેવા કરી રહ્યા છે. પોતાનાથી આ સંક્રમણ ઘરમાં ના ફેલાય તે માટે તેઓ હોસ્પિટલમાં, ક્યારેક પોતાની કારમાં, ઘરના વરંડામાં, હૉટેલોમા કે સરકારી આવાસોમાં સૂઈ રહે છે. આવી ૪૫ ડિગ્રીની ગરમીમાં આપણે ઘરમાં એક ખાદીનો સદરો પણ નથી પહેરી શકતા ત્યારે આ કોરોના વૉરિયર્સ ડૉકટર, નર્સ આખા શરીરે કપડાંની ઉપર બે પડ વાળું પ્લાસ્ટિકનું કવચ, માસ્ક, પહેરી આખા શરીરને ઢાંકી લેવું પડે છે. હાથ, મોં નાક, કાન, આંખ... બધું જ પ્લાસ્ટિકની અંદર. અને એ પણ દસ દસ – બાર બાર કલાકો સુધી. વિચારી જૂઓ એમની શું હાલત થતી હશે ? વળી એમની સામે કોરોનાથી અનેક દર્દીઓ મૃત્યુ પામતા હશે ત્યારે આ બધું એમની નજર સામે બનતું જોઈને એમની મનોદશા કેવી હશે ? આપણે તો ઘરમાં બેઠાં બેઠાં ટી.વી. ન્યૂઝ જોઈને પણ વિચલિત થઈ જઈએ છીએ. તો આ ડૉકટર્સ અને નર્સ સામે રોજ કેટલા દર્દીઓ મૃત્યુ પામતા હશે અને છતાંય બીજે દિવસે જાતે જ માનસિક રીતે મજબૂત બનીને હોસ્પિટલ દર્દીની સેવામાં હાજર. આપણને તો લોકડાઉન અને આપણા જ ઘરમાં પરિવાર સાથે, એ.સી. રૂમમાં ટી.વી.પર ફિલ્મો, રામાયણ કે મહાભારત કે ચાણક્ય જેવી સુંદર સિરીયલો જોઈને દિવસો પસાર કરવાના છે તો ય નથી ગમતું જ્યારે આ કોરોના યોદ્ધાઓ તો દેવદૂત બનીને અસંખ્ય લોકોના જીવ બચાવે છે. અને હવે તો આ ડૉકટર્સ – નર્સિસની ટીમો ઘેર ઘેર જઈને પણ લોકોને સંક્રમિત થતા બચાવે છે. એમની ઉપર હુમલાઓ થાય છે, પથ્થરો ફેંકવામાં આવે છે, થૂંકવામાં આવે છે. બિભત્સ ચેનચાળા કરવામાં આવે છે છતાંય આ યોદ્ધાઓ ''હે ઈશ્વર, તેઓને માફ કરજે, તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે'' એમ વિચારીને પોતાની ફરજ નિષ્ઠા પૂર્વક નિભાવે છે. તેઓ પોતાના અનેક પ્રશ્નો બાજુએ રાખીને આ ડૉકટર્સ – નર્સિસ આ મહામારીના મહાયુદ્ધમાં ગુજરાતને, દેશને જીત અપાવવા સખત મહેનત કરી રહ્યા છે.

આ મહામારીના મહાયુદ્ધમાં સૌથી મોટી ને જોખમી કામગીરી મીડિયાએ કરી છે. ટી.વી. ન્યૂઝ ચેનલો અને અખબારોના પ્રતિનિધિઓ – પત્રકારો આખા દેશના ખૂણે ખૂણે પહોંચીને ઝીણી ઝીણી વિગતો પ્રજાને આપે છે. કોરોનાનું વિશ્વકક્ષાનું રોજે રોજ અપગ્રેડ, દેશની અને રાજયની સ્થિત, ગુજરાતના જિલ્લાઓ – શહેરો, તાલુકાઓ, ગામડાઓની સ્થિતિનું જીવંત પ્રસારણ આપીને દેશની અને રાજ્યની પ્રજાને કોરોના મહામારીથી જાગૃત કર્યા છે. આટલા લાંબા લોકડાઉનની પ્રજાની માનસિકતા કેળવવાનું ભગીરથ કાર્ય મીડિયાએ કર્યું છે. ડૉકટર્સ, નર્સ, પોલીસની, સેવાકાર્ય કરનાર સૌ કોઈની પોઝિટિવ સ્ટૉરી રજુ કરીને સૌને પ્રોત્સાહિત કર્યા છે. સન્માનિત કર્યા છે.

તો વળી આ મહાયુદ્ધમાં વેપારીઓ, ઉધોગપતિઓ સૌએ સરકારના નિર્ણયને માન આપીને સંપૂર્ણ લોકડાઉન પાળ્યું છે. બીજા લોકડાઉનમાં થોડી છૂટ અપાતા દુકાનો ખોલીને લોકોને જીવનજરૂરિયાતની વસ્તુઓ પણ પુરી પાડી છે. આ જરુરી વસ્તુઓના માલની હેરફેર કરતા ટ્રક ટેમ્પાના ડ્રાઈવરોની પણ નોંધ લેવી જોઈએ.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના માર્ગદર્શનમાં આજે વિશ્વ આખું કોરોનાનું મહાયુદ્ધ ખેલી રહ્યું છે ત્યારે એક ગુજરાતી તરીકે આપણે સૌ એ ગૌરવ અનુભવવું જોઈએ. તેમના માર્ગદર્શનમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણી સતત જાગૃત રહીને પોતે ૧૪ દિવસના કોરોન્ટાઈન હોવા છતાંય માસ્ક અને સોશિયલ ડિસ્ટેન્સ્ટીંગ રાખીને સતત ઉચ્ચ સ્તરીય મિટીંગો યોજીને માર્ગદર્શન આપતા રહ્યા છે. ગુજરાત પોલીસ ડી.જી. શ્રી શિવાનંદ જહા, આરોગ્ય સચિવશ્રી જયંતિ રવિ, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રી વિજય નહેરા અને હવે તેમનો ચાર્જ સંભાળનાર ઉચ્ચ અધિકારીશ્રી સૌના સહિયારા પ્રયાસથી આ કોરોના મહાયુદ્ધ આપણું ગૌરવશાળી ગુજરાત, આપણો ભારત દેશ જીતશે જ.

અને સૌથી મોટા યોદ્ધાઓ એ છે જેઓ સતત ૫૦ દિવસથી ઘરમાં બેસીને કોરોના સામે યુદ્ધ લડીને કોરોનાને પોતાના ઘરના દ્વાર સુધી નથી પહોંચવા દીધો. આવા ઘરમાં રહેનાર યોદ્ધાઓ પણ અભિનંદનને પાત્ર છે. તો વળી આવી ખતરનાક મહામારી વચ્ચે દરેક શહેરોમાં વીજળી – પાણી અને સફાઈની વ્યવસ્થા જાળવનાર સફાઈ કર્મચારીઓ પણ યોદ્ધાઓ છે. અભિનંદનને પાત્ર છે.

જય જય ગરવી ગુજરાત

-9426060601.india@gmail.com

# લાઈફ આફ્ટર લોકડાઉન...!



**રઝળપાટ**
**અજય ઉપાધ્યાય**

'મેરે હાલાત ઐસે હૈ કી મૈ કુછ કર નહીં શકતા....' આવા ફન્ની ટીકટોક કે વિડીયો બનાવવાનો સમય કદાચ આ તમે વાંચતાં હશો એના એકાદ દિવસમાં પૂરો થવામાં છે. બોલે તો લોકડાઉન કરીબ કરીબ ખતમ હોને કો હૈ...!એટલિસ્ટ અત્યારે એવું લાગી તો રહ્યું છે કે ૧૮ મે થી દેશ અને રાજ્યમાં લોકડાઉન ભલે સંપૂર્ણ નહીં તો પણ અમુક અંશે હટાવી લેવામાં આવશે જો કે એક હકીકત છે કે લોકડાઉન હટશે પણ રિસ્ટ્રીક્ષન નહીં..! જી હા ખુદ વડાપ્રધાને પણ પોતાના રાષ્ટ્રજોગ પ્રવચનમાં કહ્યું છે એમ લોકડાઉન-૪ જરા નવા રૂપરંગ માં આવશે. બાય ધ વે વડાપ્રધાને પોતાના છેલ્લા રાષ્ટ્રજોગ પ્રવચનમાં જે ' આત્મનિર્ભર ' શબ્દ વાપર્યો છે એના પર ભલે ગમે એટલા મિમ્સ બનાવો પણ આ શબ્દ અને એની પાછળની ભાવના હર એક હિંદુસ્તાનીએ સમજવા જેવી છે. ખેર એના પર ફરી ક્યારેક !!

' લોકડાઉન પછી શું ?' ની ચર્ચાઓ દેશ અને દુનિયાભરમાં ચાલી રહી છે અને બિલિવ મી બધે લગભગ સરખી જ ચાલી રહી છે. ખાસ તો લોકડાઉન પછીની દુનિયા વિષે કોઈ મતમતાંતર નથી જ. એક હકીકત છે કે લોકડાઉન પહેલાની દુનિયા અને લોકડાઉન પછીની દુનિયામાં ઘણોબધો ફરક રહેવાનો. વિશેશજ્ઞો ભલે ને લોકડાઉન અને કોરોનાને લીધે થનારા આર્થિક નુકશાનો વિષે ચર્ચા કરતાં હોય પણ એક વાત સત્ય છે કે કોરોનાએ આપણું ઘણું બધુ બદલાવી નાખ્યું છે અને જે હજુ સુધી નહીં બદલાયું હોય એને લાઈફ આફ્ટર લોકડાઉન બદલી નાખશે. વાત અહી લોકડાઉનને લીધે 'આત્મનિર્ભર ' બનીને શીખી ગયેલા ઘરના કામકાજ કે સફળ-અસફળ રસોઈના અખતરાઓની નથી થતી પણ વાત અહિયાં કોરોના અને લોકડાઉને એક વ્યાપક રીતે પાડેલી સામાજિક અસરો અને આપણી રહેણી-કરણીમાં એને લીધે આવી ગયેલા કે આવનારા પરિવર્તનો વિષે કરવી છે. લોકડાઉનના એકાંતવાસી જેવા ' બિગ બોસ ' સમયે આપણને ઘણી બધી વસ્તુઓ વિષે નવેસરથી વિચારતા કરી દીધા છે એ હકીકત છે.

કોરોના એ સાબિત કરી દીધું છે કે વી ધ પીપલ બિનજરૂરી ચીજવસ્તુઓમાં રૂપિયા બહુ વેડફતા હતા. લોકડાઉનના લગભગ બે'ક મહિના બર્મુડા-ટીશર્ટ કે ગાઉન-નાઈટડ્રેસમાં કાઢ્યા પછી આપણને ચોક્કસ એક વસ્તુ સમજાઈ ગઈ છે કે જીવવા માટેની જરૂરિયાતો આપણે ધારીએ છીએ એટલી બધી નથી હોતી. કદાચ લોકડાઉન પછી આપણે બિનજરૂરી વસ્તુઓના ફિઝૂલ ખર્ચા પર રોક લગાવતા શીખી જઈશું. મોલ કે શોપિંગમાં ના જોઈતી ચીજ પણ ડિસ્કાઉંટ કે સેલના નામે ઘરભેગી કરવાની આપણી ટેવ પર કદાચ અંકુશ લાગશે. લોકડાઉને પૈસાની વેલ્યૂ છે અને નથી એ બંને વસ્તુ સાબિત કરી બતાવી છે. ફરીથી લોકો બચત તરફ વળશે અને ખોટા ખર્ચાઓ પર કાપ મૂકશે એવું લાગે છે. અત્યારે સુધી આપણે ' હેલ્થ ઈઝ વેલ્થ ' એમ કરોડો વાર સાંભળેલું પણ વેલ્થ ભેગી કરવામાં આપણે હેલ્થ પ્રત્યે બેદરકાર થતાં ગયા. કોરોનાકાળમાં ઉકાળા ગટગટાવવા કે ગોળીઓ ગળતા કે વિટામિન-સી માટે હવાતિયાં મારતા આપણને સમજાય ગયું કે અસલમા વેલ્થ હી સબકુછ નહીં હૈ મગર સાચી વાત એ છે કે હેલ્થ સોલીડ હોવી જરૂરી છે, જો હેલ્થ ટનાટન હશે તો જંગ જીત્યા અને જો એ હાલકડોલક તો વેલ્થ'ય કાઈ કામની નહીં !!!!. ઈમ્યુનિટી શબ્દ હવે તો હરેકને ગોખાઈ ગયો છે પણ વેલ્થના ચક્કરમાં કે કમાવાના ચક્કરમાં આપણે અનેક રોગોને આમંત્રણ આપી બેઠા છીએ. કોરોનના કપરા કાળનો કદાચ સૌથી શ્રેષ્ઠ પદાર્થપાઠ મારી દ્રષ્ટિએ કોઈ હોય તો એ છે લોકોમાં આવેલી હેલ્થ પ્રત્યેની સજાગતા. ' પહેલું સુખ તે જાતે નર્યા ' એ હવે સાર્થક થશે એવું લાગે છે.

હેલ્થ-વેલ્થ જેવુ જ આયુર્વેદનું થયું. કોરોનોની સારવાર કરતાં ડોકટરોએ પણ કબૂલ્યું છે કે કોરોનાના ઘણા દર્દીઓ પર હોમિયોપેથી-આયુર્વેદનો સફળ ઉપચાર કરાયો છે. ખર્ચાળ એલોપેથિક સારવાર કરાવવા કરતાં ઉકાળા, સૂંઠ ના પ્રયોગો, ચ્યવનપ્રાશ, આયુર્વેદિક દવાઓ હવે પછીથી આપણાં જીવનના અંગ બની જવાના એ નક્કી છે અને એ જરૂરી પણ છે. વડાપ્રધાને ' સ્વચ્છ ભારત ' શરૂ કર્યું એને તો પાંચેક વર્ષથી વધુ સમય થઈ ગયાઓ પણ અબ જા કે આપણે સ્વચ્છતા વિષે જાગૃત થયા અને એ પણ ડ્યુ ટુ કોરોના !!! આપણી, ઘરની અને આસપાસની સફાઈ હવે નિયમિત રાખવી પડશે. હાઈજિન બાબતમાં આમેય આપણે છેલ્લી પાટલીએ જ કહી શકાય એવામાં માસ્ક વગર બહાર નહીં નિકળવાનું, હાથ ધોયા કરવાનું અને સામાજિક અંતર રાખવાનું કઠિન તો લાગશે પણ લાઈફ આફ્ટર લોકડાઉનમાં આ સ્વચ્છતાવાળો અધ્યાય ફરજિયાત છે અને એને ફોલો તો કરવો જ પડશે.

સામાજિક અંતર બોલે તો ' સોશિયલ ડિસ્ટન્સ ' પરથી યાદ આવ્યું કે લોકડાઉન પછીના ગાળામાં અને કોરોનનો કહેર હજુ જારી રહેવાનો જ છે એવા સમયે આપણી સામાજિક મિલન-મુલાકાતોમાં પણ બદલાવ આવશે. હવે ' અહીથી નીકળતો હતો તો થયું કે મળતો જાવ ' કે ' આજે રવિવાર છે તો થયું લાવ માસીને ઘરે આંટો મારી લઉં ' કે ' હેન્ડ કિટલીએ ચા પીએ ' એવી લકઝરી હવે ભૂતકાળ થઈ જવાની ( એટલિસ્ટ ફોર એ સિક્સ મન્થ ). હાથ મિલાવવાની જગ્યાએ ' નમસ્તે ' અને ભેટવાની બદલે દૂરથી સલામ તો ચલણમાં આવી જ ગયું છે પણ ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવું કે જવું જ પડે ત્યાં એક સલામત અંતરે ઊભા રહેવું જેવી બાબતો જીવનમાં વણી લેવી પડશે. આવું જ કાઈક બઝારું ખોરાકને લાગુ પડે છે. પિઝા – સમોસા-ભેળ કે બીજી વાનગીઓ બાબત લોકડાઉન દરમ્યાન આત્મનિર્ભર બની ગયેલા આપણે એક વાત તો સમજ્યા કે જંક કે બઝારું ખોરાક ના ખાઈએ તો કાઈ તૂટી નથી પડતું. લાગે છે કે લોકડાઉન પછી જંક ફૂડ કે બજારુ ફૂડ પ્રત્યે લોકોનો નઝરિયો થોડા અંશે બદલાઈ તો જવાનો જ.

કહેવાય છે કે કોઈ પણ આદત છોડવા ૨૧ દિવસ કાફી છે જ્યારે અહિયાં તો એથી વધારે સમય હતો એનાથી ઘણા કેસમાં એવું બન્યું કે નશો (પાન-બીડી-તમાકુ-દારૂ) છૂટી ગયો. લોકડાઉન પછીની લાઈફમાં આ પણ એક સારો સંકેત છે. બીજો સારો સંકેત એ પણ રહ્યો કે પરિવાર ભાવના વધુ મજબૂત થઈ. ગામડા છોડીને શહેરોમાં કમાવા ગયેલા ફરી ગામડે પાછા વળ્યા (ભલે ટેમ્પરરી તો ટેમ્પરરી). નશા ની જેમ જ ઘણાનું માંસાહારનું વ્યસન પણ છૂટી ગયું. વર્ક ફ્રોમ હોમે એક નવા પ્રકારના કોર્પોરેટ અને વર્ક કલ્ચરને જન્મ આપ્યો અને મજાની વાત એ છે કે ઘણી કંપનીઓ એ ચાલુ રાખવાની છે અને ઘણી કંપની લોકડાઉન પછી એના પર ગંભીર વિચાર કરવાની પણ છે. કોરોના કાઈ એમ જવાનો નથી અને કોરોના સાથે આપણે જીવતા શીખી જવું પડશે એવી ખબર તો લોકોને દિવસે દિવસે પડતી જ જાય છે પણ આવી પરિસ્થિતિમાં પણ લોકડાઉનને લીધે કોરોના દર્દીના વ્યાપક ફેલાવામાં ભારત જેવા દેશોને મળેલી સફળતા ઉપરાંત પણ લોકડાઉનને લીધે સામાજિક –આર્થિક અને વ્યકિતગત રીતે જે અમુક અફલાતૂન અને ઉપયોગી ટિપ્સ યાની કી સોનેરી શક્યતાઓ, શિખામણો અને સંકલ્પો મળ્યા છે એનાથી લાઈફ આફ્ટર લોકડાઉન ચોક્કસપણે વધુ માણવાલાયક રહેવાની...!!!